જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ

અરવલ્લી, મોડાસા.

આર.આર.ચૌધરી
અધ્યક્ષ અને મુખ્ય જીલ્લા અને સત્ર ન્યાયાધીશ

એમ.જે.ખોજજાદા
ફુલ ટાઈમ સેક્રેટરી (સીની. સીવીલ જજ)

ફોન નં.(ઓ): ૦૨૭૭૪–૨૫૦૦૯૭
ઈ–મેઈલ : dlsaarvalli@gmail.com

જાહેરાત ક્રમાંક :– ...૦૬.../૨૦૨૬.
તારીખ :– ૨૨.૦૯.૨૦૨૬.

વંચાણે લીધા:

(૧)નેશનલ લીગલ સર્વીસ અથોરીટી (ફ્રી એન્ડ કમ્પેટેન્ટ લીગલ સર્વિસીસ) રેગ્યુલેશન ૨૦૧૦
(૨)નામ.ગુજરાત સ્ટેટ લીગલ સર્વીસ ઓથોરીટીના પત્ર નં.૧૩૭૮/૨૦૨૬, તા.૦૫/૦૮/૨૦૨૬
(૩)નામ.ગુજરાત સ્ટેટ લીગલ સર્વીસ ઓથોરીટીના પત્ર નં.૧૬૨૯/૨૦૨૬, તા.૧૬/૦૯/૨૦૨૬

લીગલ એઈડ પેનલ એડવોકેટની નિયુકતી માટેની જાહેરાત

ગુજરાત રાજય કાનૂની સેવા સત્તામંડળ, અમદાવાદના નિર્દેશાનુસાર જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અરવલ્લી–મોડાસા ધ્વારા મોડાસાની તમામ જીલ્લા અને સત્ર અદાલતોમાં તથા સીનીયર સીવીલ જજ, સીવીલ જજ, તથા ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ તથા અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ તથા જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસની અદાલતોમા તથા જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ, ગ્રાહક તકરાર નિવારણ પંચ, ફેમીલી કોર્ટ, લેબર કોર્ટમા તથા મામલતદાર, પ્રાન્ત, કલેકટર કચેરી સબંધીત કેસો માટે મફત અને સક્ષમ કાનૂનિ સહાય પુરી પાડી શકાય તે હેતુથી અત્રેના જિલ્લા કાનૂનિ સેવા સત્તા મંડળ, અરવલ્લીમાં તથા તાલુકા કાનૂનિ સેવા સમીતી, મોડાસા, બાયડ, ભીલોડા, મેઘરજ, માલપુર, ધનસુરા માટે વકીલશ્રીઓની નવી પેનલ રચવાની હોવાથી, લાયકાત ધરાવતા ઉમેદવારો તરફથી આ સાથે નિયત કરે નમૂનામા અરજીઓ મંગાવવામા આવે છે.

અરજી મોકલતાં પહેલાં નીચે જણાવેલ સૂચનાઓ કાળજીપુર્વક વાંચવી.

(૧) અરજી નિયત કરેલ નમૂના મુજબ સંપૂર્ણ રીતે ભરેલી હોવી જોઈએ અને **જાહેરાતના પેરા નં.૦૯ માં જણાવેલ દસ્તાવેજોની ખરી નકલ બીડવી.** અરજી અત્રેની કચેરીને અથવા સંબંધિત તાલુકા કાનૂની સેવા સમિતિઓને મોકલવી.

(૨) અરજદારે પોતાની અરજી ઉપર કલર ફોટોગ્રાફ પોતાની સહી સાથેનો જોડવાનો રહેશે.

(૩) અરજદારે એકજ અરજી કરવાની કરવાની રહશે. વકીલની પેનલ જીલ્લા કાનૂનિ સેવા સત્તા મંડળ તેમજ તાલુકા કાનૂની સેવા સમિતિઓ તથા જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ, ગ્રાહક તકરાર નિવારણ પંચ, ફેમીલી કોર્ટ, લેબર કોર્ટ તથા મામલતદાર, પ્રાન્ત , કલેકટર કચેરી સબંધીત કેસો માટે બનાવવાની છે. જેથી ઉમેદવારે એક જ કોર્ટ કોમ્પ્લેક્ષ પસંદગી કરવાનું રહેશે અને તેઓએ ઉપરોકત જણાવેલ કઈ પેનલમાં જોડાવા માંગે છે તે સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે.

(૪) માત્ર તેવા જ ઉમેદવારો કે જેઓની લાયકાત સંતોષાય છે તેવા જ પેનલ માટે અરજી કરી શકશે.

(૫) દરેક ઉમેદવારે પોતાનો ફોન નંબર તથા ઈ–મેઈલ એડ્રેસ યોગ્ય રીતે અરજીમાં જણાવવાના રહેશે.

(૬) દરેક ઉમેદવારે અરજીના ફોર્મમાં જરુરી તમામ વિગતો સંપૂર્ણરીતે પુરી પાડવી અને કોઈ પણ ખાનુ ખાલી રાખવુ નહિં અન્યથા અરજી રદ થવા પાત્ર થશે.

(૭) અરજી સ્વીકારવાની અંતિમ તારીખ **૦૭.૧૦.૨૦૨૬** રહેશે.

(૬) લાયકાત :–

નીચે જણાવેલ લાયકાત તથા અનુભવ જે કોઈ ઉમેદવાર ધરાવતા હશે તેઓ જ પોતાની નોંધણી નીચે મુજબની જુદી જુદી પેનલ ઉપર થાય તે માટે અરજી કરી શકશે :–

(૧) જીલ્લા અને સત્ર અદાલતો માટે :–

તારીખ :–**૦૭.૧૦.૨૦૨૬** સુધી ઉમેદવારની પાસે સત્ર કેસો ચલાવવાનો લઘુતમ **સાત વર્ષનો** અનુભવ હોવો જોઈશે.

(૨) ફેમીલી અદાલત માટે :–

તારીખ :–**૦૭.૧૦.૨૦૨૬** સુધી ઉમેદવારની પાસે ફેમીલી કોર્ટમાં કેસો ચલાવવાનો લઘુતમ **સાત વર્ષનો** અનુભવ હોવો જોઈશે.

(૩) તાલુકાની દીવાની અને મેજીસ્ટ્રેટ કોર્ટ માટે :–

તારીખ :– **૦૭.૧૦.૨૦૨૬** સુધી ઉમેદવારની પાસે તાલુકાની દીવાની અને

મેજીસ્ટ્રેટ કોર્ટમાં કેસો ચલાવવાનો લઘુતમ **પાંચ વર્ષનો** અનુભવ હોવો જોઈશે.

(૪) **જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ <u>માટે</u> :–**

તારીખ :–**<u>૦૭.૧૦.૨૦૨૬</u>** સુધી ઉમેદવારની પાસે જુવેનાઈલ જસ્ટીસ બોર્ડમાં કેસો ચલાવવાનો લઘુતમ **પાંચ વર્ષનો** અનુભવ હોવો જોઈશે.

(૫) **<u>ગ્રાહક તકરાર નિવારણ પંચ</u> :–**

તારીખ :– **<u>૦૭.૧૦.૨૦૨૬</u>** સુધી ઉમેદવારની પાસે ગ્રાહક તકરાર નિવારણના કેસો ચલાવવાનો લઘુતમ **પાંચ વર્ષનો** અનુભવ હોવો જોઈશે.

(૬) **<u>મામલતદાર, પ્રાન્ત, કલેકટર કચેરીના કેસો માટે</u> :–**

તારીખ :– **<u>૦૭.૧૦.૨૦૨૬</u>** સુધી ઉમેદવારની પાસે મામલતદાર, પ્રાન્ત, કલેકટર કચેરીના કેસો ચલાવવાનો લઘુતમ **પાંચ વર્ષનો** અનુભવ હોવો જોઈશે.

(૭) **<u>લેબર કોર્ટના કેસો માટે</u> :–**

તારીખ :–**<u>૦૭.૧૦.૨૦૨૬</u>** સુધી ઉમેદવારની પાસે લેબર કોર્ટના કેસો ચલાવવાનો લઘુતમ **પાંચ વર્ષનો** અનુભવ હોવો જોઈશે.

(ખ) <u>પસંદગીની પ્રક્રિયા :–</u>

(૧) કોઈપણ ઉમેદવાર મૌખિક ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવશે નહિ સિવાય કે તે / તેણી લાયકાતની શરતોને સંતોષશે.

(૨) લાયકાતના પરિબળોને સંતોષવા માત્રથી કોઈપણ ઉમેદવારને મૌખિક ઈન્ટરવ્યુ માટે કે પસંદગી માટે કોઈ હકક પ્રાપ્ત થશે નહિ.

(૩) આવેદનપત્રો મળ્યાની સંખ્યા ઉપર અને અત્રેની સત્તામંડળની જરુરિયાતને લક્ષમાં રાખીને આ સતામંડળ ઈન્ટરવ્યુ માટે બોલાવવાપાત્ર થતા ઉમેદવારોની પસંદગી સૂચિ (shortlist) કરવાનો હકક અબાધિત રાખે છે.

(૪) કોઈપણ સ્વતંત્ર જાણ કરતો પત્ર કોઈપણ ઉમેદવારને ઈન્ટરવ્યુમાં હાજર થવા માટે મોકલવામાં આવશે નહિ. પરંતુ ઈન્ટરવ્યુની તારીખ, સમય અને સ્થળ દર્શાવતી ઉમેદવારની એક યાદી અત્રેની કચેરીના નોટીસ બોર્ડ ઉપર તથા જીલ્લા અદાલતના નોટીસ બોર્ડ ઉપર તથા તાલુકા કાનૂની સેવા સમિતિઓના નોટીસ બોર્ડ ઉપર લગાડવામાં આવશે

(૫) ઉમેદવારે તમામ અસલ પ્રમાણપત્ર ઈન્ટરવ્યુ વખતે સાથે લાવવાના રહેશે.

(૬) લીગલ એઈડ વકીલ તરીકે પેનલ ઉપર નોંધણી કરવા માટે ઈન્ટરવ્યુ બોર્ડ નીચે મુજબના પરિબળો ધ્યાને લેશે :–

(ક) ઉમેદવારની લાયકાત / વ્યકિતત્વ

(ખ) કાયદાનું જ્ઞાન / કાયદાની અભિરુચિ

(ગ) કાનૂની સહાયના ક્ષેત્રમાં કામ કરવાની તિવ્રતા, પ્રતિબધ્ધતા અને વૃતિ.

(ઘ) જીલ્લા કોર્ટમાં તથા તાલુકા કોર્ટમાં ઉમેદવારની નિયમિતતા / ઉપલબ્ધતા.

(૭) પેનલ યાદીનું પરિણામ અત્રેની કચેરીના નોટીસ બોર્ડ ઉપર તથા જીલ્લા અદાલતના નોટીસ બોર્ડ ઉપર તથા તાલુકા કાનૂની સેવા સમિતિઓના નોટીસ બોર્ડ ઉપર લગાડવામાં આવશે.

(ગ) <u>પેનલ ઉપર નોંધણી માટેની શરતો :–</u>

(૧) નિમણુંકની તારીખથી બીજો આદેશ ન થાય ત્યાં સુધી નવી પેનલની રચના કરવામાં આવશે. પરંતુ નિમણુંક પામેલ દરેક પેનલ વકીલની કામગીરી અને કાર્યની સમીક્ષા કરવામાં આવશે.

(૨) દરેક પેનલ વકીલશ્રીને ગુજરાત સરકાર ધ્વારા તેમજ ગુજરાત રાજય કાનૂની સેવા સત્તામંડળ ધ્વારા માન્ય કરેલ અનુસુચિ મુજબની ફી ચુકવવામાં આવશે.

(૩) આ સત્તામંડળ ધ્વારા કે ગુજરાત રાજય સત્તામંડળ ધ્વારા આયોજન કરવામાં આવતા તમામ તાલીમ અંગેના કાર્યક્રમો તથા રીફ્રેશર કાર્યક્રમોમાં દરેક પેનલ વકીલે હાજર રહેવાનું રહેશે. જો આ પ્રકારના તાલીમી કાર્યક્રમોમાં પેનલ વકીલ ગેરહાજર રહેશે તો તેઓનું નામ પેનલમાંથી રદ થવાને પાત્ર થશે.

(૪) આપવામાં આવતી કાનૂની સેવાઓ ઉપર અસરકારક દેખરેખ રાખી શકાય તે હેતુથી પેનલ ઉપર નોંધાયેલ વકીલશ્રીએ દર ત્રણ મહિને કેસ મુજબ પ્રગતિ અહેવાલ રજૂ કરવાનો રહેશે અને જો પ્રગતિ અહેવાલ રજૂ નહિં કરવામાં આવે તો તેવા વકીલનું નામ પેનલ ઉપરથી નાબુદ કરવામાં આવશે.

(૫) પેનલ ઉપરના વકીલ પાસેથી લીગલ સર્વિસ કલીનીકમાં, જેન્ડર રીસોર્સ સેન્ટરમાં, ઓબ્ઝર્વેશન હોમ, વિગેરેમાં સેવાઓ લેવાનો તેમજ અન્ય કોઈ કામગીરી કે જાગૃતિ કાર્યક્રમોમાં સેવાઓ લેવાનો પોતાનો હકક આ સત્તામંડળ અબાધિત રાખે છે.

(૬) રીમાન્ડ એડવોકેટ, ફ્રન્ટ ઓફીસના એડવોકેટ અને જેલની મુલાકાત લેતા એડવોકેટશ્રીની યાદી સમયાંતરે ક્રમાનુસાર કરવામાં આવશે.

(૭) <u>પેનલ ઉપરથી દૂર કરવા અંગે :–</u>

જો કોઈપણ વકીલની કામગીરી અસંતોષકારક હશે અથવા કોઈપણ વકીલ કાનૂની સહાય જે વ્યકિતને પુરી પાડવામાં આવેલ છે તે વ્યકિતની પાસેથી કોઈપણ પ્રકારની રકમની માંગણી કર્યાની અથવા મેળવ્યાના તહોમતમા

દોષિત ઠર્યેથી અથવા તે /તેણી સદર અધિનિયમની યોજના, નિયમો અને વિનિયમોના કોઈ પ્રબંધનો ભંગ કર્યેથી તે / તેણીનું નામ પેનલ ઉપરથી નાબુદ કરવામાં આવશે અને તે / તેણીની સામે વ્યવસાયિક ગેરવર્તણૂંક અંગેના પગલા વિનિયમ–૭ મુજબ લેવામાં આવશે.

(૮) ધી લીગલ સર્વીસ ઓથોરીટીઝ એકટ, ૧૯૮૭ ના હેતુ અને ઉદ્દેશને પાર પાડવા માટે આ સત્તામંડળ લીગલ એઈડ વકીલની ફરજોના પરિઘને વધારવા માટેનો પોતાનો હકક અબાધિત રાખે છે.

(૯) દરેક અરજદારે તેઓની અરજી સાથે નીચે મુજબના દસ્તાવેજો રજુ કરવાના રહશે.

૧.શૈક્ષણીક લાયકાતની પ્રમાણીત નકલ

૨. સનદની પ્રમાણીત નકલ

૩. બાર એસોશીએશન દવારા આપેલ અનુભવનુ પ્રમાણ પત્ર(અસલ)

૪.આધાર કાર્ડની પ્રમાણીત નકલ

૫. જાતીના પ્રમાણપત્રની નકલ

સ્થળ :– મોડાસા.
તારીખ :– ૨૨/૧૦/૨૦૨૬.

(આર.આર.ચૌધરી)
અધ્યક્ષ,
જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ,
અરવલ્લી–મોડાસા.

<u>બહોળી પ્રસિધ્ધી, જરૂરી કાર્યવાહી તથા જાણકારી માટે નકલ સવિનય રવાના :–</u>

(૧) રજીસ્ટ્રારશ્રી, જીલ્લા ન્યાયાલય, મોડાસા.
(૨) અધ્યક્ષશ્રી, તાલુકા કાનૂની સેવા સમિતિ, મોડાસા / માલપુર / મેઘરજ / બાયડ / ધનસુરા / ભિલોડા.
(૩) પ્રમુખશ્રી, મોડાસા જિલ્લા બાર એસોસીએશન, મોડાસા..
(૪) પ્રમુખશ્રી, તાલુકા બાર એસોસીએશન મોડાસા / માલપુર / મેઘરજ / બાયડ / ધનસુરા / ભિલોડા.
(૫) ડીસ્ટ્રીકટ કલેકટરશ્રીની ઓફીસ,અરવલ્લી–મોડાસા
(૬) ફેમીલી કોર્ટ, મોડાસા
(૭) મામલતદાર કચેરી, મોડાસા / માલપુર / મેઘરજ / બાયડ / ધનસુરા / ભિલોડા.
(૮) ગ્રાહક તકરાર નિવારણ પંચ,મોડાસા

પેનલ વકીલ માટેના આવેદન પત્રનો નમૂનો

અરજી નં._____

(કચેરીના ઉપયોગ માટે)

ઉમેદવારનો હસ્તાક્ષરયુક્ત નવીનતમ પાસપોર્ટ સાઈઝનો કલર ફોટોગ્રાફ

પેનલ:- _____

(જીલ્લા અને સત્ર અદાલતના કેસો માટે, ફેમિલી કોર્ટના કેસો માટે, તાલુકા કોર્ટના કેસો માટે, લેબર કોર્ટના કેસો માટે, ગ્રાહક તકરાર નિવારણ પંચ, જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ, મામલતદાર, પ્રાંત, કલેક્ટર કચેરીના કેસો માટે)

૧.	અરજદારનું નામ	
૨.	પિતા/પતિનું નામ	
૩.	જન્મ તારીખ , વય	
૪.	જાતી (SC, ST, OBC, General)	
૫.	સ્ત્રી/પુરુષ	
૬.	રહેઠાણનું સરનામું	
૭.	કચેરીનું સરનામું	
૮.	ફોન નં. :- (ઑફીસ) (રહેઠાણ) (મોબાઈલ નંબર) (ઈ-મેઈલ આઈ.ડી.)	
૯.	શૈક્ષણીક લાયકાત	

કોર્ષ	બોર્ડ/યુનિવર્સટીની નામ	પાસ કર્યાનું વર્ષ	ટકા (કુલ)

૧૦.	વકીલ તરીકે એનરોલમેન્ટ થયાની તારીખ	
૧૧.	એનરોલમેન્ટ નંબર (સર્ટીફીકેટની નકલ જોડવી	
૧૨.	પ્રેક્ટીસનો અનુભવ (જે પ્રેક્ટીસ કરેલ હોય તે પ્રેક્ટીસની અવધી) (બાર એસોસીએશન ધ્વારા આપવામાં આવેલ અનુભવનું પ્રમાણપત્ર જોડવુ)	
(ક).	કુલ કેટલા કેસો ચલાવ્યા	
(ખ).	કયા પ્રકારના કેસો ચલાવ્યા (જરુરીયાત હોય તો અલગથી કાગળ જોડવો	
૧૩.	શું અગાઉ જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અથવા તાલુકા કાનૂની સેવા સત્તા મંડળ અથવા અન્ય કોઈ સંસ્થા/ સરકારી વિભાગની પેનલ ઉપર નોંધાયેલા રહેલા છો? જો હા તો વિગતો દર્શાવો.	
૧૪.	શું કોઈ શિસ્તભંગનો કેસ કે ફરીયાદ અરજદાર વિરુધ્ધ બાર કાઉન્સીલમાં કે જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળમાં કરવામાં આવેલી છે? જો હા, તો તેની વિગત દર્શાવો.	

સ્થળ–
તારીખ–

(અરજદારની સહી)

–: એકરાર :–

આથી હું જાહેર કરું છું કે આ અરજીમાં જણાવેલ તમામ કથનો મારા જ્ઞાન અને માન્યતા મુજબ સત્ય, સંપૂર્ણ અને ખરા છે. જો કોઈ પણ તબ્બકે કોઈ પણ માહિતિ ખોટી અથવા અસત્ય જણાશે તો મારી ઉમેદવારી રદ થવાપાત્ર થશે. અમોએ પેનલની નોધણી અંગેની તમામ સૂચનાઓ વાંચી અને સમજી છે અને તેનું પાલન કરવા અમો બંધાઈએ છીએ. હું જાહેર કરું છું કે અમોએ જે કેટેગરી માટે પેનલની નોંધણી થવા માટે અરજી કરેલ છે તે કેટેગરીની લાયકાત અંગેની તમાત શરતો સંતોષીએ છીએ. અમોએ હાલની અરજી સિવાય અન્ય કોઈ અરજી પેનલ ઉપર નોંધાવવા માટે આપેલી નથી.

સ્થળ–
તારીખ–

(અરજદારની સહી)